સોંસક કોટનમાં હાઇકોર્ટ 18મી જૂને ચુકાદો આપે એ પહેલા ‘ખેલ’ કરી દેવાયો

‘ના રહેગા બાંસ...’, સુમુલની મતદાર યાદીમાંથી જયેશ દેલાડનું નામ કમી

25 વર્ષ સુમુલમાં ડિરેક્ટર રહેલા જયેશ દેલાડને ભાજપમાં જોડાવું ભારે પડ્યું

રાજકીય કાવાદાવામાં નામ કપાયું છે, હાઇકોર્ટમાં પડકારીશું: જયેશ દેલાડ

જયેશ દેલાડે જણાવ્યું હતું કે,‘રાજકીય કાવાદાવામાં નામ કપાયું છે.અમને બચાવની તક આપ્યા વિના એક તરફી મનાઈ મેળવવામાં આવ્યો છે એને હાઇકોર્ટમાં પડકારીશું,આ સ્થિતિ પછી હવે હું બંધન મુક્ત છું.સહકારી ક્ષેત્રોના અગ્રણીઓએ સાથે મળી સુમુલ ડેરીનો વહીવટ પારદર્શક રહે એ માટે પશુપાલક જેને મેન્ડેટ આપે એ સહકાર પેનલ ઉતારીશું.

સુરતઃ ઓલપાડ તાલુકાની સોંસક કોટન સહકારી મંડળીમાં કર્મચારીઓએ આચરેલી ગેરરીતિમાં સોંસક કોટનના પ્રમુખ જયેશ દેલાડ અને અન્ય ડિરેક્ટરો સામે સુરત જિલ્લા રજિસ્ટ્રારએ આપેલી નોટિસ અંગે ગુજરાત હાઇકોર્ટ 18 જૂનના રોજ અંતિમ ચુકાદો આપે એ પહેલા અછારણ (ઓલપાડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રતિનિધિ બ્રિજેશભાઈ ભગવતીલાલ પટેલે બોર્ડ ઓફ નોમિનીમાં અલગ દાવો દાખલ કરી જયેશ પટેલનું નામ સુમુલની મતદાર યાદીમાં કમી કરવા અને કમી થયા પછી દાખલ ન કરવા સામે મનાઈ હુકમ મેળવી લીધો હતો. એને આધારે સુમુલ ડેરીના ચૂંટણી અધિકારી સિટી પ્રાંત એન.એન. સવાણીએ જયેશ એન.પટેલનું નામ સુમુલ ડેરીની દેલાડ દૂધ મંડળીના પ્રતિનિધિ તરીકે કમી કરી નાખતા તેઓ હાલના તબક્કે ચૂંટણી લડવા માટે ડિસ્ક્વોલિફાઇ થઈ ગયા છે.

સુમુલના ચૂંટણી અધિકારી સવાણીએ દેલાડ વિભાગની મંડળીના પ્રતિનિધિનું નામ કાપવાનો આદેશ આપતા પહેલા બંને પક્ષોને સાંભળ્યા હતા. બીજી તરફ સામાવાળા જયેશભાઈ પટેલે વાંધાનો વિરોધ કરતાં રજૂઆત કરી હતી કે કલમ-93ની કાર્યવાહી સામે તેમણે ગુજરાત હાઇકોર્ટમાં અરજી દાખલ કરી છે. હાઇકોર્ટે હજી સુધી કોઈ અંતિમ નિર્ણય આપ્યો નથી અને માત્ર નોટિસ જારી કરી છે. તેથી અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી તેઓ ગેરલાયક ઠરી શકતા નથી..

કારોબારી સમિતિના ચેરમેન પદ માટે આંતરિક ખેંચતાણ

જિલ્લા પંચાયતમાં મલાઈદાર સમિતિ મેળવવા લોબિંગ

બાંધકામ, શિક્ષણ, આરોગ્ય સમિતિ પર અનેક દાવેદારની નજર

સુરતઃ સુરત જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદની વરણી પૂર્ણ થયા બાદ હવે આઠ મહત્વની સમિતિઓની રચના થવાની હોઈ સભ્યોમાં અત્યારથી જ “લોબીંગ”નો દોર શરૂ થઈ ગયું છે.

ખાસ કરીને કારોબારી સમિતિ, બાંધકામ સમિતિ અને શિક્ષણ સમિતિ જેવા કસદાર ગણાતા હોદ્દાઓ માટે સભ્યો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

જિલ્લા સંગઠનની વાત કરીએ તો ખોલવડ બેઠક પરથી વિજયી થયેલા સમીરભાઈ મોદી અને ઉપપ્રમુખ પદે ઝંખવાવ બેઠક પરથી ચૂંટાયેલા ઉમેદભાઈ યુ. ચૌધરીની વરણી થતા જ હવે સમિતિઓના ચેરમેન પદ માટે રાજકીય ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. જિલ્લા પંચાયતની બાંધકામ, શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, મહિલા અને બાળ વિકાસ તેમજ સામાજિક ન્યાય સમિતિમાં સ્થાન મેળવવા માટે પણ સભ્યો સક્રિય બન્યા છે. ખાસ કરીને બાંધકામ સમિતિને “મલાઈદાર”સમિતિ માનવામાં આવતી હોવાથી આ પદ માટે ભારે રસાકસી જોવા મળી રહી છે.

કારોબારી ચેરમેન માટે નામ નક્કી જ હતું પરંતુ મેન્ડેટ નહીં આવતા એક સભ્ય નારાજ

રાજકીય સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી દરમિયાન જ કારોબારી સમિતિના ચેરમેન માટે પણ એક નામ લગભગ નક્કી માનવામાં આવી રહ્યું હતું. પરંતુ અંતિમ ક્ષણે પ્રદેશ સ્તરેથી કારોબારી અધ્યક્ષ માટેનો મેન્ડેટ ન આવતા સમગ્ર મામલો અટકી ગયો હતો. આ પરિસ્થિતિથી અગાઉથી પોતાની વરણી નિશ્ચિત માની બેઠેલા એક સભ્યમાં નારાજગીનો સૂર જોવા મળ્યો હતો.

અઢી વર્ષનાં સમીકરણો પણ ચર્ચામાં

રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે અઢી વર્ષના કાર્યકાળના સમીકરણોને ધ્યાનમાં રાખીને કેટલાક સભ્યો હાલ શાંત રહી યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. હાલ સમગ્ર જિલ્લા પંચાયતની રાજનીતિનું કેન્દ્ર હવે “સમિતિઓની વરણી”બની ગયું છે અને કોણ કઈ સમિતિનું સુકાન સંભાળશે તે અંગે રાજકીય રસાકસી વધુ તેજ બનતી જઈ રહી છે.

ટ્રેનમાં મુસાફરોના મોબાઈલ ચોરતી ‘ફટકા ગેંગ’ના 8 ઝબ્બે

ડોંડાઇચા અને નંદુરબાર સ્ટેશન વચ્ચે વોચ ગોઠવી આરપીએફે ઝડપી પાડ્યા, 22 મોબાઈલ કબજે

સુરતઃ રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા ઉધના-નંદુરબાર સેક્શનમાં મોટી કાર્યવાહી હાથ ધરી ટ્રેનમાં મુસાફરી કરતાં મુસાફરોને નિશાન બનાવી તેમના હાથ પર ફટકા મારીને મોબાઈલ ફોન ઝૂંટવતી કુખ્યાત ‘ફટકા ગેંગ’ના 8 સભ્યને ઝડપી પાડ્યા છે.

આરોપીઓ મુખ્યત્વે ટ્રેન જ્યારે ધીમી પડતી હોય અથવા કોઈ સ્ટેશન નજીક આવતું હોય ત્યારે સક્રિય થઈ જતાં હતા. ટ્રેનની બારી પાસે બેઠેલા મુસાફરોને આ ટોળકી ખાસ નિશાન બનાવતી હતી. મુસાફર મોબાઈલ પર વાત કરતો હોય કે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતો હોય, ત્યારે ગેંગના સભ્યો તેના હાથ પર જોરદાર ફટકો મારીને મોબાઈલ ઝુંટવી લેતા હતા. આ ઘટનાને તેઓ એટલી ઝડપથી અંજામ આપવામાં આવતી હતી કે મુસાફર કંઈ સમજે તે પહેલાં જ આરોપીઓ ટ્રેનની ગતિ કે અંધારાનો લાભ લઈને સ્થળ પરથી રફુચક્કર થઈ જતાં હતા. છેલ્લા કેટલાક સમયથી ઉધના-નંદુરબાર રેલવે સેક્શનમાં મોબાઈલ ચોરીની ફરિયાદોમાં સતત વધારો થઈ રહ્યો હતો, જેને લઈને આરપીએફએ સંવેદનશીલ રેલવે ટ્રેક પર વિશેષ ટીમો તૈનાત કરી હતી.

આ દરમિયાન ડોંડાઈચા અને નંદુરબાર સ્ટેશન વચ્ચે વોચ ગોઠવી આરપીએફની ટીમે આ આઠ સભ્યની ગેંગને દબોચી લીધી હતી. પ્રાથમિક પૂછપરછમાં ગેંગના સભ્યોએ અનેક ચોરીની ઘટનાઓમાં પોતાની સંડોવણી હોવાની કબૂલાત કરી છે. પોલીસે તમામ આરોપીઓ પાસેથી કુલ 22 મોબાઈલ ફોન કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેમને જીઆરપી (GRP)ના હવાલે કર્યા છે. નોંધનીય છે કે, ગત 5 જૂનના રોજ પણ સુરત-ઉધના રેલવે ટ્રેક પર આરપીએફએ ફટકા ગેંગના સભ્યોને ઝડપી પાડ્યા હતા.

શિક્ષકોની અછત વચ્ચે સરકાર જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરશે

નવી ભરતીમાં વિલંબ થતાં હાલના જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરાશે, વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ ટાળવાનો પ્રયાસ

સુરતઃ રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની અછત વચ્ચે સરકારે હાલ કાર્યરત જ્ઞાન સહાયકોને વધુ એક વર્ષ સુધી યથાવત રાખવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. સરકારે અગાઉ ૨૦૨૩-૨૪થી જ્ઞાન સહાયક યોજના શરૂ કરી શિક્ષકોની અછત પૂરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે નવા શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પણ નવી જ્ઞાન સહાયક ભરતી અથવા કાયમી શિક્ષક ભરતી અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. બીજી તરફ અગાઉની જેમ પ્રવાસી શિક્ષકોની નિમણૂકને પણ મંજૂરી ન મળતા અનેક શાળાઓમાં શૈક્ષણિક વ્યવસ્થા પર અસર જોવા મળી રહી હતી. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના અભ્યાસને સતત રાખવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ફરજ બજાવતા જ્ઞાન સહાયકોનો કરાર વધુ એક વર્ષ માટે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કમિશનર શાળાઓની કચેરીએ ૯ જૂનના રોજ જારી કરાયેલા આદેશમાં જણાવ્યું છે કે કાયમી શિક્ષકો અથવા નવા જ્ઞાન સહાયકોની ભરતી પૂર્ણ ન થાય ત્યાં સુધી હાલના જ્ઞાન સહાયકો પોતાની કામગીરી ચાલુ રાખશે. આ આદેશના અનુસંધાને સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ જિલ્લાના તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તાત્કાલિક કરાર રિન્યૂ કરવાની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી છે. સરકારના આ નિર્ણયથી શિક્ષકોની ખાલી જગ્યાઓ વચ્ચે પણ વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યમાં વિક્ષેપ ન આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ફિટનેસ સર્ટિફિકેટ માટે દૈનિક રૂા. 50 દંડને હાઈકોર્ટમાં પડકાર

ગુજરાત હાઇકોર્ટની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને નોટિસ, 27 જુલાઈએ આગામી સુનાવણી

સુરત : ગુજરાતમાં ઓટો રિક્ષા, ટેક્સી અને અન્ય પીળી નંબર પ્લેટ ધરાવતા કોમર્શિયલ વાહનો માટે ફિટનેસ સર્ટિફિકેટ (Fitness Certificate) સમયસર રિન્યુ ન કરાવવાના કિસ્સામાં વસૂલવામાં આવતા પ્રતિદિન 50ના દંડના નિયમને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

ગુજરાત હાઈકોર્ટમાં વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયને સિવિલ એપ્લિકેશન કરી છે. જેમાં ગુજરાત રાજ્ય, ભારત સરકાર તથા સંબંધિત સત્તાધિકારીઓને પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે. મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રાયની ખંડપીઠ સમક્ષ સોમવારે આ મામલાની પ્રાથમિક સુનાવણી હાથ ધરાઈ હતી. અરજદારો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે ફિટનેસ સર્ટિફિકેટના મુદ્દે લાગુ કરવામાં આવેલા દંડના નિયમથી નાના અને મધ્યમ વર્ગના વાહનચાલકો પર આર્થિક બોજો વધી રહ્યો છે. આથી નિયમની કાયદેસરતા અને તેની અમલવારી અંગે ન્યાયિક સમીક્ષા જરૂરી હોવાનું જણાવાયું છે.

વડોદરા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયનના પ્રમુખ બિલાલ પરમાર, જાગૃત ઓટો રિક્ષા ચાલક યુનિયનના પ્રમુખ રાજવીર ઉપાધ્યાય, અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ અજયકુમાર ગુપ્તા, જનરલ સેક્રેટરી કિશનભાઈ પટણી અને ખજાનચી શંકરલાલ રાઠોડ, સ્માર્ટ સિટી ઓટો ડ્રાઈવર યુનિયનના પ્રમુખ પંકજ સોની, બનાસકાંઠા જિલ્લા ઓટો રિક્ષા સંઘર્ષ સમિતિના પ્રમુખ સાજિદભાઈ મકરાણી તથા સુરત શહેર જિલ્લા ઓટો રિક્ષા યુનિયનના પ્રતિનિધિ મહેશભાઈ માસ્ટરે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું જાણવા મળે છે.

સુનાવણી દરમિયાન અરજદાર પક્ષના વકીલે અરજીના પ્રાર્થના વિભાગમાં જરૂરી સુધારા કરવાની મંજૂરી માગતા હાઈકોર્ટે તે જ દિવસે સુધારો કરવાની છૂટ આપી હતી. સાથે જ કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા વકીલની નોંધ લેવામાં આવી હતી અને તમામ પ્રતિવાદીઓને ચાર સપ્તાહમાં જવાબી સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્યારબાદ અરજદાર પક્ષને બે સપ્તાહમાં પ્રતિજવાબ રજૂ કરવાની તક આપવામાં આવશે. હાઈકોર્ટે આ સમગ્ર મામલાની આગામી સુનાવણી 27 જુલાઈના રોજ નક્કી કરી છે.

હવે સરકારી કામ માટે લાઇનમાં નહીં ઊભા રહેવું પડે

આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, રેશનકાર્ડ ઓનલાઇન જ મળી જશે

‘સુગમ ડિજિટલ ગુજરાત’થી ૨૦થી વધુ સેવાઓ ઘરઆંગણે ઓનલાઇન

આ પોર્ટલ ઉપરથી લોકો અરજી કરી શકશે

નાગરિકો https://sugamdigitalgujarat.com/ પોર્ટલ પર જઈને જરૂરી સેવાઓ માટે ઓનલાઈન અરજી કરી શકશે. જો કોઈ અરજદારને ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી પડે તો તેઓ સ્થાનિક VCE (વિલેજ કમ્પ્યુટર આંત્રપ્રિન્યોર)નો સંપર્ક કરીને સહાય મેળવી શકશે. ડિજિટલ અરજી પ્રક્રિયામાં કોઈ ટેકનિકલ મુશ્કેલી સર્જાય તો અરજદારો ડિજિટલ ગુજરાત હેલ્પડેસ્કના ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પર સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકશે.

સુરતઃ ‘સુગમ ડિજિટલ ગુજરાત’પોર્ટલના માધ્યમથી હવે નાગરિકો અનેક સરકારી સેવાઓ ઘરે બેઠા જ ઓનલાઈન મેળવી શકશે. રાજ્ય સરકારની આ પહેલ હેઠળ ૨૦થી વધુ સરકારી સેવાઓ સંપૂર્ણપણે પેપરલેસ અને ડિજિટલ બનાવી દેવામાં આવી છે.

સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જિલ્લાના નાગરિકોને આ ડિજિટલ સેવાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરતા જણાવ્યું હતું કે, હવે સામાન્ય નાગરિકોને નાની-મોટી સરકારી સેવાઓ માટે જનસેવા કેન્દ્રો કે સરકારી કચેરીઓના ચક્કર કાપવાની જરૂર નહીં રહે. ‘સુગમ ડિજિટલ ગુજરાત’પોર્ટલ મારફતે આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ સહિત અનેક જરૂરી પ્રમાણપત્રો અને દાખલાઓ સરળતાથી ઓનલાઈન ઉપલબ્ધ બન્યા છે. અરજદારે હવે ફોટોગ્રાફ કે દસ્તાવેજોની ઝેરોક્ષ લઈને કચેરીએ જવાની જરૂર નહીં પડે. જરૂરી દસ્તાવેજો સીધા ઓનલાઈન અપલોડ કરી શકાશે અને મંજૂર થયેલા પ્રમાણપત્રો ડિજિટલ સ્વરૂપે મોબાઈલ, લેપટોપ અથવા કમ્પ્યુટર પર ઉપલબ્ધ થઈ જશે. હવે અરજદારોને લાંબી લાઈનોમાં ઊભી રહેવાની સમસ્યામાંથી પણ રાહત મળશે. ખાસ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના લોકો માટે આ વ્યવસ્થા વધુ લાભદાયી સાબિત થશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

નાસીરનગરની બાજુની...

સ્પષ્ટ થઈ રહ્યું છે.જો આ ડિમોલિશન કરીને રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે તો આ બિલ્ડરોનો પ્રોજેક્ટ મંજૂર થાય તેમ જ નહોતો. આ બંને બિલ્ડરો દ્વારા જગ્યા પર રસ્તા રેખાની માપણીના નામે મનપા અને પોલીસને હાજર રાખીને પોતાના જ માણસો તેમજ મશીનરી મુકીને ડિમોલિશન કરી દેવામાં આવ્યું. પ્રોજેક્ટ માટે જ નાસીરનગરમાં 40 ફુટનો રસ્તો મુકવામાં આવ્યો હતો અને બાદમાં આ રસ્તા રેખાના ડિમોર્કેશનના નામે ડિમોલિશનનો બિલ્ડરો દ્વારા ખેલ પાડી દેવામાં આવ્યો. જ્યાં સુધી આ ડિમોલિશન થાય ત્યાં સુધીમાં બિલ્ડરો દ્વારા પ્રોજેક્ટ સાઈટ પર પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ પણ કરી દેવામાં આવ્યું હોવાથી હવે જ્યારે પણ આ પ્રોજેક્ટનો પ્લાન મુકાશે ત્યારે દંડ પણ ભરવાનો આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

જીડીસીઆરના નિયમો પ્રમાણે, બાંધકામ કરતાં પહેલા પ્લાન મંજૂર કરાવવાનો રહે છે.જોકે,જમીનમાલિક પ્લાન મંજૂર કરાવ્યા વિના પણ બાંધકામ કરી શકે છે પરંતુ જો આ બાંધકામ બાંધકામના નિયમો મુજબ હોય તો તે જ્યારે પ્લાન પાસ કરવા માટે મુકવામાં આવે ત્યારે બિલ્ડરે 15 ગણું પ્રિમિયમ ચૂકવવાનું રહે છે. આ જ નિયમોનો ગેરલાભ નાસીરનગરની બાજુના બિલ્ડરો દ્વારા લેવામાં આવ્યો. આ પ્રોજેક્ટ માટે હજુ સુધી બાંધકામનો પ્લાન જ મનપામાં મંજૂરી માટે મુકવામાં આવ્યો નથી. રસ્તો ખુલ્લો થાય તો જ આ બિલ્ડરોને પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ મળી શકે તેમ હોવાથી હવે આગામી દિવસોમાં આ પ્રોજેક્ટનો પ્લાન મનપામાં મુકાશે તેવું જાણવા મળી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ભૂતિયા ડિમોલિશનના મામલે ભારે વિવાદ થયા બાદ હવે મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો છે અને મ્યુનિ.કમિ. દ્વારા તપાસ કમિટીની રચના પણ કરવામાં આવી છે ત્યારે હવે આગામી દિવસોમાં શું વિગતો બહાર આવે છે તે જોવું રહ્યું!

ડિમોલિશનના ‘ખેલ...

છે. મનપા કમિશનર દ્વારા રચવામાં આવેલી છ સભ્યોની તપાસ સમિતિમાં અધ્યક્ષપદે ડે.કમિ. મીના ગજ્જરની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે સભ્યોમાં ડે.કમિ. એમ.એમ.ડોકટર, એડિશનલ સિટી ઈજનેર મહેશ ચાવડા, કાર્યપાલક ઈજનેર કમલેશ વસાવા, કાર્યપાલક ઈજનેર રાજેશ ગાંજાવાલા, ડે.ઈજનેર મોહસીન એ. કાગજીનો સમાવેશ કરાયો છે. કમિટિમાં અસરગ્રસ્તોના વિવિધ વર્ગને ધ્યાને રાખીને મહિલા, એસ.ટી. ઓબીસી અને લઘુમતિ સમાજના અધિકારીઓને તપાસ કમિટિમાં સ્થાન અપાયું છે.

ડિમોલિશન બાદ...

29 મેથી શરૂ થયેલા કથિત ‘વિવાદી ડિમોલિશન’ બાદ ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહીરૂપે નોટિસ અપાઈ હતી. સમગ્ર મામલે બિલ્ડર, પોલીસ અને ઝોનની ભૂમિકા અંગે અનેક સવાલો ઉભા થયા છે.

ભૂતિયા ડિમોલિશન...

પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, વેડદરવાજાના નાસીરનગરમાં મનપા અને પોલીસની હાજરીમાં અચાનક બુલડોઝરો લાવીને ગરીબોના ૧૦૦ કરતાં પણ વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા. આ અમાનવીય તોડફોડ બાદ જ્યારે જવાબદારી અંગે સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે મનપા કમિશનર અને પોલીસ તંત્ર દ્વારા આ કાર્યવાહીમાં કોઈ હાથ ન હોવાનો દાવો કરીને પલ્લું ઝાડી લેવામાં આવ્યું છે. સત્તાવાર આદેશ વિના આટલા મોટા પાયે ‘ભૂતિયું ડિમોલિશન’ કોણે કર્યું અને આ ગેરકાયદેસર પ્રક્રિયા માટે પોલીસ પ્રોટેક્શન કોણે પૂરું પાડ્યું ? તે સવાલો આજે પણ વણઉકેલ્યા છે. દસ દિવસથી સતત રજૂઆતો છતાં કોઈ પોલીસ કાર્યવાહી થઈ નથી. બિલ્ડરોને ફાયદો કરાવવા માટે પોલીસ, પ્રશાસન, કમિશનર અને ત્યાનાં વતની ઉપ મુખ્યમંત્રી સહિતના લોકોની આમાં ભાગીદારી રહેલી છે. જે પણ પોલીસ અધિકારીઓએ ખોટી રીતે પોલીસ રક્ષણ આપ્યું તથા જે લોકો સામેલ હોય તેની સામે FIR કરો. જો FIR કરવામાં નહીં આવે તો અગામી ત્રણ દિવસ પછી પ્રદેશ કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ સુરત જશે. ત્યા સ્થાનિક નેતા અને લોકોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ લડાઈ ગરીબોના ન્યાયની લડાઈ છે, જ્યા સુધી ન્યાય ન મળે ત્યા સુધી લડત આગળ પણ ચાલુ રહેશે.

અસરગ્રસ્ત પરિવારો...

સમિતિ દ્વારા થયેલ વિવિધ ઠરાવોને ધ્યાને લીધા વિના માત્રને માત્ર બિલ્ડર હિતને પ્રાધાન્ય આપવા ડિમોલિશન કરેલ હોય આવા ભ્રષ્ટ કાર્યપાલક ઈજનેર જયંગ જીવનરામજીવાલાને એની ફરજમાં કરેલી ગંભીર ચૂક સાથેની બેદરકારી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા.

10માં માળે...

શર્મા હાલમાં નાનપુરા વિસ્તારમાં આવેલ અર્પણ એપાર્ટમેન્ટના 11મા માળે પત્ની તેમજ એક પુત્ર સાથે રહે છે. તે ખાનગી કંપનીમાં સીએ તરીકે ફરજ બજાવે છે. તેમનો 15 વર્ષીય એકનો એક પુત્ર અનિકેત શર્મા પીપલોદની શારદાયતન ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ધોરણ-10માં અભ્યાસ કરતો હતો. વેકેશન પૂર્ણ થયુ ને સ્કૂલ શરૂ થયાના બીજા જ દિવસે અનિકેત સવારે સ્કૂલે ગયો હતો. બપોરે સ્કૂલ છૂટ્યા બાદ તે સ્કૂલ વાન મારફતે પોતાના એપાર્ટમેન્ટ નીચે ઉતર્યો હતો અને દાદર ચઢીને ઘરે જઈ રહ્યો હતો.

દરમિયાન એપાર્ટમેન્ટના દસમા માળના પેસેજમાંથી તે સ્કૂલ બેગ સાથે નીચે પટકાયો હતો. ગંભીર ઈજાઓ થતાં પરિવારજનોએ તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તબક્કે અનિકેતે આપઘાત કર્યો હતો કે પછી કોઈ અકસ્માતના કારણે નીચે પટકાયો હતો તે સ્પષ્ટ થઈ શક્યું નથી. સમગ્ર ઘટનાને લઈને અનેક સવાલો ઊભા થયા છે. અઠવા પોલીસ હાલ વિવિધ દિશામાં તપાસ ચલાવી રહી છે અને ઘટનાનું સાચું કારણ જાણવા વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

કાયમી સભ્ય...

વિશ્વાસઘાત અને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. ક્લબની આજીવન માલિકી આધારિત સભ્યપદ આપવાના બહાને જમીનનો દસ્તાવેજ ન કરી આપી તેમજ ક્લબનો હિસ્સો બારોબાર અન્ય ત્રીજી વ્યક્તિને વેચી મારી ૧૧૦૦થી વધુ સભ્યોને આર્થિક ચૂનો ચોપડવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આ મામલે ન્યાયની ગુહાર લગાવવા માટે મોટી સંખ્યામાં પીડિત સભ્યો આજે સુરત પોલીસ કમિશનર કચેરી ખાતે એકઠા થયા હતા અને ઉચ્ચ પોલીસ અધિકારીને લેખિત આવેદનપત્ર પાઠવી ક્લબના સંચાલકો વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

પોલીસ કમિશનરને સોંપવામાં આવેલા આવેદનપત્રમાં સભ્યોએ ક્લબની છેતરપિંડીની મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરતાં જણાવ્યું હતું કે, અંદાજે વર્ષ ૨૦૧૯માં બાગબાન ડેવલપર્સ દ્વારા પાલ-ગૌરવ પથ રોડ પર ‘ક્રેટોસ ક્લબ’ નામની લક્ઝુરિયસ ફેમિલી ક્લબ શરૂ કરવામાં આવી હતી. આ ક્લબના લોન્ચિંગ સમયે સંચાલકો દ્વારા એવી લોભામણી જાહેરાતો કરવામાં આવી હતી કે, ક્લબમાં આજીવન માલિકી આધારિત સભ્યપદ આપવામાં આવશે. આ ઉપરાંત, આકર્ષક સ્કીમ અંતર્ગત ક્લબના દરેક સભ્યને ક્લબની કુલ પ્રોપર્ટીના ક્ષેત્રફળમાંથી સરખે ભાગે એટલે કે ૧.૪૪ વાર જમીનનો પાકો રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી આપવામાં આવશે.

સગાઈમાં જતા...

રહેતા હતા. જેઓ મૂળ મહારાષ્ટ્રના રહેવાસી હતા. તેઓ અમલનેરમાં એક સગાઈ સમારોહમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા.

અકસ્માતની માહિતી મળતાં ડાયલ 112 ટીમ, સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કારમાં એક નાનું બાળક ફસાઈ ગયું હતું. જેને ગ્રામજનો, પોલીસ અને એસટી કર્મચારીઓની મદદથી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યું હતું. એસટી બસમાં સવાર દીપક દિલીપ પાટીલ પણ ઘાયલ થયો હતો. તમામ મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નજીકની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમજ પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

આ ભયાનક અકસ્માતે એક જ પરિવારના પાંચ સભ્યોના જીવ લેતાં બંને રાજ્યોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યારાના મહાજન પરિવારના સભ્યોનાં અંતિમસંસ્કાર પોતાના મૂળ વતન મહારાષ્ટ્રમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું હતું.

વસતી ગણતરી માટે સહકારી બેન્કોના કર્મચારીઓની નિમણૂક સામે ઉગ્ર વિરોધ

સ્કોબાએ સેન્સસ અધિકારી સમક્ષ લેખિત વિરોધ નોંધાવી સહકારી બેન્કોના કર્મચારીઓને આ કામગીરીમાંથી મુક્તિ આપવા માંગ કરી

સુરતઃ સુરત જિલ્લા સહકાર રજિસ્ટ્રાર દ્વારા શહેરની નોન-શિડ્યૂલ્ડ સહકારી બેન્કોના કર્મચારીઓને વસ્તી ગણતરીની કામગીરીમાં જોડાવા માટે મોકલાયેલા આદેશો સામે સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં વ્યાપક અસંતોષ અને વિરોધનો માહોલ સર્જાયો છે.

આ મુદ્દે ધી સાઉથ ગુજરાત કો-ઓપરેટીવ બેન્ક્સ એસોસિયેશન (સ્કોબા)ના પૂર્વ પ્રમુખ અને સહકારી અગ્રણી મુકેશ ગજ્જરે જણાવ્યું હતું કે સહકારી બેન્કોને પૂર્વ જાણ કર્યા વિના કર્મચારીઓને સીધા આદેશો મોકલવાની પદ્ધતિ યોગ્ય નથી. આ નિર્ણય સામે સ્કોબાએ સેન્સસ અધિકારી સમક્ષ લેખિત વિરોધ નોંધાવી સહકારી બેન્કોના કર્મચારીઓને આ કામગીરીમાંથી મુક્તિ આપવા માંગ કરી છે. આ મુદ્દે બેન્ક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસો.દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પણ પડકાર ફેંકવામાં આવ્યો છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, વસ્તી ગણતરી અધિનિયમની કલમ 4A હેઠળ બેન્કોના અધિકારીઓ અને કર્મચારીઓને ફરજિયાત રીતે વસ્તી ગણતરીની કામગીરીમાં જોડાવવા માટે આદેશ આપી શકાય નહીં. આ મુદ્દે ધી બેન્કિંગ કામદાર યુનિયન, સુરત દ્વારા પણ લેખિત વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જો કર્મચારીઓની અછતના કારણે બેન્કિંગ કામગીરીમાં વિક્ષેપ સર્જાશે તો તેની સંપૂર્ણ જવાબદારી સિટી સેન્સસ અધિકારીની રહેશે.

૧૪ વર્ષની કિશોરીને ભગાડી જનાર યુવકને ત્રણ વર્ષની સજા

સુરતઃ પુણામાં રહેતી ૧૪ વર્ષીય સગીરા તા. ૨૭ જુલાઈ ૨૦૨૫નાં રોજ ઘરેથી ગુમ થઈ ગઈ હતી. આ અંગે પિતાની ફરિયાદને પગલે તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી શનીકુમાર સુભાષચંદ્ર નિષાદ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ઉધના રેલવે સ્ટેશનથી ઉત્તરપ્રદેશ લઈ ગયો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થતાં સ્પેશિયલ પોકસો કોર્ટે આરોપીને ત્રણ વર્ષની સજા અને ત્રીસ હજારનો દંડ ફટકાર્યો હતો.

યુવતીને પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી નરાધમ ફરાર

મહારાષ્ટ્રના શખ્સે લગ્નની લાલચ આપી જુનાગઢની વાડીમાં અવારનવાર દુષ્કર્મ આચર્યું

સુરતઃ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના એક શખ્સે ઉધના વિસ્તારમાં યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી જુનાગઢના એક અંતરિયાળ ગામની વાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. યુવતી ગર્ભવતી બનતાં જ પાપી પ્રેમી તેને નિસહાય હાલતમાં છોડીને નાસી છૂટ્યો હતો. આ અંગે ભોગ બનનાર યુવતીએ ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના શાહદા તાલુકાના કુડાવત ગામનો વતની અને હાલ આસોદ ગામે રહેતો ઈશ્વર પંડિત ઠાકરે નામનો યુવક સુરતના ઉધના વિસ્તારની યુવતીના સંપર્કમાં આવ્યો હતો. ઈશ્વરે યુવતીને લગ્નની લાલચ આપી જુનાગઢ જિલ્લાના માણાવદરના કોડવાવ ગામે આવેલી દિનેશભાઈ ઉર્ફે દિલીપભાઈની વાડીમાં લઈ જઈ દુષ્કર્મ કર્યું હતું. બાદમાં પકડાઈ જવાની બીકે તે યુવતીને ગર્ભવતી અને લાચાર હાલતમાં જ ઘટનાસ્થળે તરછોડીને રાતોરાત ફરાર થઈ ગયો હતો.

નિવિદાનં - ૦૭ સને ૨૦૨૬-૨૭

જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં (૦૨૬૩૨-૨૫૩૬૯૪) ની કચેરીએથી વિવિધ યોજના હેઠળ પેટા વિભાગ પેટા વિભાગ વલસાડ હસ્તકના કુલ ૦૫ પેકેજ જેની અંદાજીત રકમ રૂા. ૨૦.૦૦ લાખ થી રકમ રૂા. ૪૯.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ ધરમપુર હસ્તકના કુલ ૦૫ પેકેજ જેની અંદાજીત રકમ રૂા. ૨૦.૦૦ લાખ થી રૂા. ૪૯.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ કપરાડા હસ્તકના કુલ ૦૫ પેકેજ જેની અંદાજીત રકમ રૂા. ૨૦.૦૦ લાખ થી રૂા. ૪૯.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ પારડી/વાપી હસ્તકના કુલ ૦૫ પેકેજ જેની અંદાજીત રકમ રૂા. ૨૦.૦૦ લાખ થી રૂા. ૪૯.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ ઉમરગામ હસ્તકના કુલ ૦૩ પેકેજ જેની અંદાજીત રકમ રૂા. ૨૦.૦૦ લાખ થી રૂા.૪૯.૦૦ લાખ સુધીની છે.જે કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય યાદીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી ઇ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઇ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઇટ પરથી જોવા મળશે.

વધુમાં ઇજારદારશ્રીઓએ જી.એસ.ટી. મુજબના દરો ધ્યાને લઇ ભાવો ભરવાનાં રહેશે.

ટેન્ડર ઓનલાઇન સબમીશનની છેલ્લી તાઃ-૨૫/૦૬/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ) વિભાગ
વલસાડ

નં. માહિતી/વલસાડ/૧૫૦/૨૦૨૬

જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈજારદારો/ઈસમોને જણાવવાનું કે અત્રેના સામાજીક વનીકરણ વિભાગ સુરત હસ્તકની સુરત જિલ્લામાં આવેલ સુરત (૬) રેંજમાં વનીકરણની કામગીરી કરવા માટેના ભાવો ઈ-ટેન્ડરથી મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતિ n-Procure (www.nprocure.com) સાઈટ પર ઉપલબ્ધ છે. આથી રસ ધરાવતી સંસ્થા/વ્યક્તિઓએ n-Procure (www.nprocure.com) સાઈટ પર તા.૧૦/૦૬/૨૦૨૬ થી તા.૨૯/૦૬/૨૦૨૬ના બપોરના ૧૨.૧૦ કલાક સુધીમાં ભાવો ઓનલાઈન આપવા વિનંતી છે. જે ભરેલ ઈ-ટેન્ડર દસ્તાવેજો તથા ડી.ડી. સીલબંધ કવરમાં તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨.૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ મળી રહે તે રીતે રૂબરૂ/ પોસ્ટ/ રજીસ્ટર એડીથી મોકલવાના રહેશે. ત્યાર બાદ મળેલ ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહી. કવર ઉપર ટેન્ડરની સંપુર્ણ વિગત, મોકલનારનું નામ, સરનામું, ખાસ લખવાનું રહેશે. અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહય રાખવામાં આવશે નહી.

કચેરીનું સરનામું
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સામાજીક વનીકરણ વિભાગ,
વન ભવન ગંગેશ્વર મહાદેવ રોડ,
ડી-માર્ટની સામે અડાજણ, સુરત.
ફોન નંબર- ૦૨૬૧-૨૭૩૩૮૩૧
ક્રમાંકઃ માહિતી-સૂરત/૨૪૩/૨૦૨૬

નાયબ વન સંરક્ષક
સામાજીક વનીકરણ વિભાગ
સુરત

ગુજરાત રાજ્ય

નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર.વિભાગ,

ઈ-ટેન્ડર નોટિશ નં.૦૩ સને ૨૦૨૬-૨૭

(૧) ગુજરાત રાજ્યના મા.રાજ્યપાલશ્રી વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વિભાગ નં.૧, મધુબન કોલોની તરફથી “આઉટ સોર્સીંગ મેંનપાવર ના માટે સર્વિસ ચાર્જ” ના કામ માટે ગુજરાત સરકારમાં માન્ય ઈજારદાર તરીકે ઈ-૧ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસે થી સર્વિસ ચાર્જ માટે ના ભાવો મંગાવવામાં આવે છે.
(૨) આ કામોની ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ- ૨૨.૦૬.૨૦૨૬ સમયઃ-૧૮.૦૦ કલાક સુધી
(૩) ટેન્ડર ઓન લાઈન ખોલવાની છેલ્લી તારીખ-૨૩.૦૬.૨૦૨૬ સમયઃ-૧૧.૦૦ કલાક સુધી
(૪) નામ અને સરનામું :-
(૧) અધિક્ષક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ, વલસાડ
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વિભાગ નં.૧, મધુબન કોલોની
આ કામની માહિતી વેબસાઈટ માહિતી વેબસાઈટ www.nprocure.Com ઉપર જોવા મળશે.
નોંધ(૧):સદર કામોની નિવિદા અંગે સુધાર/વધારાફક્ત ઉક્ત ઓન લાઇન વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(પી.સી. પટેલ)
કાર્યપાલક ઈજનેર
દમણગંગા યોજના વિભાગ નં.૧
મધુબન કોલોની

ન. માહિતી/વલસાડ/૧૫૩/૨૦૨૬

જાહેર નિવિદા નં. ૪૩/૨૦૨૫-૨૬ (બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઇ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ટી.એ.એસ.પી.૨૦૨૫-૨૬ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ “http://tender.nprocure.com” ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઈજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફિકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ	૧૦/૦૬/૨૦૨૬
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય	૩૦/૦૬/૨૦૨૬, ૧૮.૦૦ કલાક
બીડ ખોલવાની તારીખ	૩૦/૦૬/૨૦૨૬, ૧૮.૧૦ કલાક

ક્રમ	કામનું નામ	રકમ રૂ. લાખમાં	ટેન્ડર ફી
૧	માનમોડી કાંચનપાડા રોડ કિ.મી. ૦/૦ ટુ ૧/૦ તા.વઘઇ જી.ડાંગ	૨૬.૪૪	૧૫૦૦/-

કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ “http://tender.nprocure.com” પરથી ડાઉનલોડ કરી શકાશે.

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંકઃ માહિતી/ડાંગ/ ૪૦ /૨૦૨૬